R.N.I. No. : GUJGUJ/2000/447-#Dkphgdedg#Mxulvglfwlrq

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :##kwws=22#mdjdglvkfkulvwldq1frp###########################################hpdlo=jduylqdynudqwl#C#jpdlo1frp

YEAR-29 • ISSUE: 44 DATE: 31-10-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

L#xgholyhuhg#sol#uhwxuq#wr> કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી, અમદાવાદ-૭



સાબરમતી રિવરફ્રન્ટ થી કેવડીયા કોલોની સી-પ્લેન દ્વારા જવા આવવા માટે ૩૧મી ઓક્ટો.ના રોજથી વિમાની સેવા શરુ કરવાનો નિર્ણય લેવાયો તેના અનુસંધાનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સેવાનું ઉદ્ઘાટન કરવાના છે. આની તૈયારી રુપે સી-પ્લેનનું આગમન થયુ હતું.તેને નિહાળવા માટે લોકો ઉમટી પડ્યા હતા. સૌ પહેલા આ સેવા કેવડીયા થી રિવરફ્રન્ટ અમદાવાદ ખાતેનું ભાડુ રુ.૪૮૦૦ નક્કી કરાયું હતું. પરંતુ ત્યાર બાદ વધુ લોકો તેનો લાભ લઈ શકે માટે તેમાં ઘટાડો કરાયો હતો અને તેને રુ. ૩૦૦૦ નક્કી કરાયું હતું. રિવરફ્રન્ટ પર સરકારે વિવિધ પ્રકારના પ્રાજેક્ટો શરુ કરવાનુ ચાલુ કર્યુ છે.જેમાં સી-પ્લેનનું પ્લેટફોર્મ અને તેની બુકીંગ ઓફીસ તૈયાર થઈ ગઈ છે.

## માજી મુખ્યમંત્રી,ભાજપના પીઢ નેતાઓ પૈકીના એક,કેશુભાઇ પટેલનું અવસાન



માજી મુખ્યમંત્રી અને ભાજપના પીઢ નેતાઓ પૈકીના એક શ્રી કેશુભાઈ પટેલનું નિધન થયું હતું. તેમની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળી ભાજપના કાર્યલય પહોચી હતી.પછી સંપુર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ યાત્રા નિકળી હતી. સાબરમતી નદીના તટે આવેલા મુક્તિધામમાં અંતિમ વિધિ કરાઈ હતી. તેમનું ૯૨ વર્ષની વયે અવસાન થયું હતું. ભાજપને કોઈ એક રાજ્યમાં સત્તાના શિખરે લઈ જનારા લોકનેતાના નિધનથી ગુજરાતમાં સોપો પડી ગયો હતો. તેમની અંતિમયાત્રા દરમિયાન ભાજપ ના નેતાઓ હાજર રહ્યા હતા. તેઓ સોમનાથ મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્ય હતા. જો કે તેમને ભાજપના ભીષ્મપિતામહ ગણવામાં આવતા હતા. જો કે કેટલાક સમયથી તેઓ વયને કારણે સક્રિય રાજકારણથી દુર રહ્યા હતા. મુખ્યમંત્રી રુપાણીએ રાજ્યમાં એક દિવસનો શોક જાહેર કર્યો હતો.અને સચિવાલય સહિતની સરકારી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે.વડાપ્રધાન તેમના સ્વજનોને મળવા જશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું#લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૩૦૮,સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## આરોગ્ય સેતુનો ભરપુર પ્રચાર અને પ્રસાર કરતી સરકારને ખબર જ નથી કે આ કોણે બનાવ્યુ અને કોણ ચલાવે છે : લશ્કર ક્યાં લડે છે તેની કોઇને ખબર જ નથી

દેશમાં કોરોના મહામારી દરમિયાન સોશ્યલ ડિસ્ટન્સ એપ તરીકે કે કોન્ટેક ટ્રેસિંગ એપ તરીકે આરોગ્ય એપ રજુ કરાયું હતું. અને સરકારે તેનો ભરપુર પ્રચાર કર્યો હતો. ફલાઈટ, ટ્રેન વિગેરે પ્રવાસ દરમિયાન સંખ્યાબંધ બાબતોમાં તે ફરજીયાત બનાવાયુ હતું. કોરોડો લોકોએ તે ડાઉનલોડ કર્યુ હતું.પરંતુ સેન્ટ્લ ઈન્ફર્મેશન કમિશનમાં આ એપ કોણે બનાવ્યું અને કોણ તેનું સંચાલન કરે છે એ બાબતે કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓએ ઉડાઉ જવાબો આપતાં કમિશન ધુંધવાયું હતું અને તેણે મિનીસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ નેશનલ ઈન્ફમેટીક સેન્ટર અને નેશનલ ઈ ગર્વન્નસ ડીવીઝનને નોટીસ ફટકારી છે. આરોગ્ય સેતુ એપ કોના દ્વારા કેવી રીતે રચવામાં આવ્યું, તે બનાવવા અંગેની ફાઈલ્સ તથા તેના યુઝર્સના પર્સનલ ડેટાનો કોઈ દુરપયોગ તો નથી થતો ને તેનું ટેકનિકલ ઓડિટ કેવી રીતે થાય છે તેવા પ્રશ્નો સાથે આરટીઆઈ અરજીઓ કરાઈ હતી.પરંતુ આ તમામ સરકારી એજન્સીઓએ ઉડાઉ જવાબ આપ્યા હતા. અને પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કર્યો હતો.

## આજતક,ઝી ન્યુઝ સહિતની ચાર ચેનલોને માફી માંગવા માટે એનબીએનો આદેશ

સુશાંતસિંહ રાજપુત,ના આત્મહત્યા કેસમાં બિનસંવેદનશીલ અને બેજવાબદારી ભર્યા રિપોર્ટીંગ કરવા માટે નેશનલ બ્રોડકાસ્ટીંગ ઓથોરીટીએ ચાર ન્યુઝ ચેનલો આજતક,ઝી ન્યુઝ,ન્યુઝ ૨૪, અને ઈન્ડીયા ટીવીને માંફી માંગવાનો તેના અગાઉના આદેશનું પાલન કરવા આદેશ આપવામાં આવ્યો છે. એનબીએ દ્વારા આજતકને ૨૭ ઓક્ટો.ના રોજ રાત્રે આઠ કલાકે તેની ચેનલ પર યોગ્ય શબ્દોમાં માંફી પ્રસારિત કરવા ફરમાન કરાયું છે. આ મામલે આજતકને રુ ૧ લાખનો દંડ કરવામા આવ્યો છે.

એનબીએ દ્વારા એવો ઉલ્લેખ કરાયો હતો કે તે રિપબ્લીક ટીવીના પત્રકારત્વને માન્ય રાખતું નથી. તાજેતરમાં રિપબ્લીક ટીવીનું બોગસ ટીઆરપી કૌભાંડ બહાર આવ્યુ હતું. નેશનલ બ્રોડકાસ્ટીંગ ઓથોરીટીએ ક હ્યુ કે ઝેર ઓકતા અભદ્ર તેમજ તર્કહીન અહેવાલો અને બિનતાર્કિક પત્રકારત્વનને માન્ય રાખતું નથી. બીજી બાજુ ટીઆરપી કૌભાંડમાં મુંબઈ પોલીસે ત્રણ ટીવી ચેનલો રિપબ્લીક ટીવી, મહામુવીઝ અને ન્યુઝનેશનના માલીકો અને ડિરેક્ટરોને દોષિત ઠેરવ્યા હતા. એનબીએ દ્વારા આજતકને ન્યુઝ પ્રસારિત કરવામાં ત્રણ વખત નિયમોનો ભંગ કરવા માટે ૨૮,૨૯, અને ૩૦ એમ ત્રણ દિવસ જ્યારે ન્યુઝ ૨૪ને ૨૯ ઓક્ટો. તથા ઈન્ડીયા ટીવીને ૨૭ ઓક્ટો.જાહેરમાં માંફી માંગવા આદેશ અપાયો છે.

આમ સરકારના ખાસ પિઠ્ઠુ ગણાતા રિપબ્લીક ટીવીના ખાસ એન્કરોને આખરે સરકારે પાઠ ભણાવ્યો છે. હજુ કોર્ટમાં તેના કેસ ચાલવાના બાકી છે. સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ હવે મુંબઈની હાઈકોર્ટમાં તેમનો કેસ ચાલશે. પોલીસ સામે તેમણે કરેલા આક્ષેપો અને મહારાષ્ટ્રની સરકાર સામે કરેલા આક્ષેપો તેમજ કેટલાક ફિલ્મી નેતાઓની સામે કરેલી અભદ્ર ટિપ્પણીઓ અને વાંધાજનક રજુઆતોને ધ્યાનમાં લઈને હવે તેમની સામે કેસ ચાલશે. સીબીઆઈ દ્વારા મહારાષ્ટ સરકાર અને પોલીસ પાસેથી તપાસ છીનવી લેવાનો દાવ ફાવ્યો નથી. તેથી રિપલ્બીક ટીવીના સંચાલકો સામે ગંભીર પ્રકારે કાર્યવાહી થશે તેવું મનાઈ રહ્યુ છે. આ ચારેય ચેનલોએ સુશાંતસિંહ મૃત્યુ કેસમાં બિનસંવેદનશીલ રિપોર્ટીંગ કર્યુ હતું.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

#kwws=22#mdjdglvkfkulvwldq1frp

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકkwws=22idfherrn1frp2urelq1gkrodnld પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

વિજાણુ માધ્યમો દ્વારા પ્રસારિત થતા સમાચારોમાં બહુ ચર્ચિત સમાચારો એકદમ જ ગાયબ થઈ જાય છે. જેમકે સુશાંતસિંહ રાજપુતના આત્મહત્યાના સમાચારોએ બે મહિના સુધી સતત પ્રજા માનસ પર આત્મહત્યા નહીં પરંતુ હત્યા છે તેવુ ઠસાવી દેવા કેટલીક ચેનલોએ ભારે કવાયત કરી હતી. અને મીડીયા ટ્રાયલે કેટલાકને ગુનેગારો સાબિત કરી નાંખ્યા હતા. પરંતુ સીબીઆઈ અને હોસ્પીટલના તબીબી નિરિક્ષણોમાં હત્યા થઈ હોય તેવા કોઈ પુરાવા લાગ્યા નહીં. જો કે કેટલાક કેસોમાં સરકાર ખુદ જ હવે આરોપીના પાંજરામાં આવી ગઈ છે. સીબીઆઈએ ક્યા કેસોને પ્રાધાન્ય આપવું અને કોને નહિં આપવું તે ગંભીરતાપુર્વક નક્કી કરવું જોઈએ.પુલવામાં ૪૦ થી વધુ જવાનોની હત્યા કરવામાં આવી અને તેને આતંકી ઘટના ગણાવીને તેની તપાસ કરવા માટે સીબીઆઈ અને એનએસઆઈને સોપવામાં આવી. આ ઘટનાની સાથે સંકળાયેલા કેટલાક પોલીસ ઉચ્ચ અધિકારીઓ આતંકીને પોતાના વાહનમાં લઈ જતા પકડાયા.પરંતુ તેની ઉપર સમય મર્યાદામાં ચાર્જશીટ નહીં થતાં તે વ્યક્તિઓ જામીન ઉપર છુટી ગયા. જ્યારે આત્મહત્યાના કેસમાં જેમને ફસાવી દેવામાં આવ્યા તેઓને જામીન પર છુટવામાં ભારે જહેમત ઉઠાવવી પડી.

આતંકી હુમલા અને તેની તપાસ ઉચ્ચ તપાસનીસ સંસ્થા કરતી હોય અને તેમાં લાપરવાહી દાખવવામાં આવે તો તેની સીધી જવાબદારી ગૃહવિભાગના ઉચ્ચતમ અધિકારીઓની છે. દેશમાં બળાત્કારની ઘટનાઓમાં કેટલાક રાજકીય પરિબળોની સંડોવણી હોવાને કારણે તપાસમાં રુકાવટ કે આડે પાટે ચડાવી દેવાના કિસ્સા સામને આવ્યા છે. આ શું સુચવે છે કે રાજકીય પરિસ્થિતિ કેટલી હદે નીચી કક્ષાએ ઉતરી ગઈ છે કે તેમના રાજકીય મદદગારોને બચાવવા માટે સત્તાધીશો ગમે તેટલી નીચ હદે પણ જઈ શકે છે. જો કે અદાલતોમાં પણ પુરતા પ્રમાણમાં પુરાવાઓને સામેલ કરવામાં આવતાં નહીં હોવાથી કેસોમાં ન્યાય મળવો મુશ્કેલ બની જાય છે. અદાલતો પુરાવાના આધારે જ કામ કરે છે તેથી તેમની સ્થિતિ ન્યાય કરવા માટે કઠણ બની જાય છે. દેશમાં આર્થિક ગુનેગારોની સંખ્યા અને સામાજિક ગુનાઓની સંખ્યા રોજબરોજ વધતી જાય છે તેનું કારણ કાયદા બીક ગુનેગારોને લાગતી નથી.

## મંતવ્ય

હાઈકોર્ટે ગુના આચરતા ગુનેગારોનો સાથે આપતી પોલીસ સિન્ડીકેટ સામે પગલાં લેવા માટે હિમાયત કરી છે. ગુજરાતમાં દારુબંધી હોવા છતાં કરોડોનો કારોબાર ચાલે છે. ગત વર્ષે ૪૦૦ કરોડનો દારુનો નાશ કરવામાં આવ્યો જે પોલીસે પકડ્યો હતો. પરતુ જે નથી પકડાયો તેનો આંકડો પણ કરોડોમાં છે. પોલીસ અને ગુનેગારો એટલે કે બુટલેગરોની મીલી ભગતના કારણે ગુજરાતમાં દારુનો મોટો વેપલો ચાલે છે. પોલીસ ખાતુ અને રાજકારણીઓને મોટી રકમ આ ગેરકાયદે વેપારમાંથી મળી રહે છે. હવે કોર્ટ એવું સુચવે છે કે ગુનેગારોને મદદ કરતી પોલીસ સિન્ડીકેટ શોધી કાઢવી જોઈએ,તો આને શોધશે કોણ ?વાઘને મોઢે ગરણું કોણ બાંધશે અને કહેશે કે તારુ મોઢું ગંધાય છે.

આર.કે.પરમાર

DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
#####kwws=22mdjdglvkfkulvwldq1frp2
######Frqdfw#Qr133<4#<;577;<677/
######+U,33<4059<50593665

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
H1pdlo#=#gukdpsdulnkC|dkrr1fr1lq

# રશિયાની કોરોના વાયરસની રસીની ત્રીજા તબક્કાની સીધી ટ્રાયલને ભારતમાં મંજુરી અપાઇ નહી

ભારતમાં કેન્દ્ર સરકારની નિષ્ણાંત પેનલે રશિયાની કોવિડ-૧૯ વેકસીનના ફેઝ-૩ની ટ્રાયલ હાથ ધરવા માટે ડો. રેડ્ડીઝ લેબોરેટરીના પ્રસ્તાવને ફગાવી દીધો છે. પેનલે વેકસિનના ફેઝ-૨ ટ્રાયલની ભલામણ કરી છે. જેનું ટેસ્ટીંગ પ્રમાણમાં ઓછા લોકો પર થાય છે. ટ્રાયલનો બીજો તબકકો ૧૦૦થી ૩૦૦ લોકો પર થાય છે જ્યારે ત્રીજો ફેઝ એક હજાર લોકો પર થાય છે. બીજા તબક્કાની ટ્રાયલ વિદેશના ડેટાને જ પ્રમાણિત માની ભારતમાં સીધી ત્રીજા તબક્કાની ટ્રાયલ હાથ ધરવા માટે દરખાસ્ત મુકાઈ હતી. પરંતુ ભારતે તે સ્વીકારી નથી. નિયમન સબંધી મંજુરી મળ્યા બાદ કાર્યવાહી આગળ વધશે. કોરોના વાઈરસની રસી ઉપલબ્ધ થવા માટે હજુ ઘણો સમય લાગે તેમ છે. રાહ જોવી પડશે.

# ચીને તાઇવાનને અલગ દેશ તરીકે સંબોધિત કરતા ભારતીય મીડીયાને ચેતવણી આપી

ચીને ભારતીય મીડીયાને સલાહ આપતાં કહ્યુ કે તાઈવાન એક અલગ દેશ નથી તેથી તેને અલગ દેશ તરીકે સંબોધિત ન કરે.દિલ્હી સ્થિત ચીની મિશને આ માટે મીડીયા ગૃહોને પત્ર લખ્યા છે. જો કે તાઈવાને તેની ચેતવણીને નકારી કાઢી છે.અને કહ્યુ છે કે ગેટ લોસ્ટ. તેણે લખ્યુ છે કે મીડીયાના મારા મિત્રો તમને યાદ અપાવવા માંગીએ છીએ કે દુનિયામાં માત્ર ચીન એક છે. માત્ર પીપુલ્સ રિપલ્બીક ઓફ ચીન સરકાર જ સમગ્ર દુનીયામાં ચીનનું પ્રતિનિધિત્વ કરે છે. તાઈવાનને દેશ તરીકે રજુ ન કરવામાં આવે. આી સાથે જ સાઈઈગ વેનને પણ પ્રમુખ તરીકે જાહેર ન કરાવામાં આવો આનાથી સામાન્ય લોકોને ખોટો સંદેશ જશે. બીજી બાજુ તાઈવાનના વિદેશ મંત્રાલયે ટ્વિટ કર્યુ છે કે ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. તેનું પ્રેસ વાઈબ્રંટ અને લોકોને આઝાદીને પસંદ કરે છે. જો કે એવું લાગે છે કે કોમ્યુનિસ્ટ ચીન આ તમામ ઉપખંડ પર પણ સેન્સરશીપ લાદવા માંગે છે. તાઈવાનના ભારતીય મિત્રોનો એકજ જવાબ હશે. ભાડમાં જાવ. ચીને પત્રમાં લખ્યું છે કે તાઈવાન ચીનનો અભિન્ન ભાગ છે. ચીન સાથે રાજદ્વારી સબંધ રાખનારા દેશોને તેની વન ચીન પોલીસીનું સંપુર્ણરીતે સન્માન કરવું જોઈએ.

# ટીવી ચેનલોમાં ટીઆરપી ઉપજાવી કાઢવાનું કૌભાંડનો મહારાષ્ટ્ર પોલીસે પર્દાફાશ કર્યો :ટીઆરપી મીટર ગોઠવી આખો દિવસ ચેનલ ચાલુ રખાતી હતી

મુંબઈ પોલીસે ટેલીવીઝન રેટિંગ પોઈન્ટસ( ટીઆરપી) સાથે ચેડા કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હોવાનો દાવો કર્યો છે. તેમણે કહ્યુ હતું કે આ મામલામાં બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ટીઆરપી એ ક્યો કાર્યક્રમ સૌથી વધુ જોવાય છે તે નક્કી કરવા માટેનું એક ટુલ છે. એ વ્યુઅર્સ ચોઈસ અને ચોક્કસ ચેનલની લોકપ્રિયતાનો સંકેત આપે છે.

મુંબઈ પોલીસ કમિશ્નર પરમવીર સિંહે જણાવ્યુ હતું કે સુશાંત સિંહ રાજપુત મોત કેસમાં મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ પોલીસ પર પ્રહારને કારણે ટીકાનો સામનો કરી રહેલી એક ન્યુઝ ચેનલ આ રેકેટમાં સામેલ છે.

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચે ટીઆરપી રેકેટનો ભંડાફોડ કર્યો છે. તેણે વ્યુઅરશીપ રેટિંગ્સના ચેડા બદલ મરાઠીની બે ચેનલોના માલિકોની ધરપકડ કરી છે તેમ અધિકારીએ જણાવ્યુ હતું.આ ન્યુઝ ચેનલ ટીઆરપી રેકેટમાં પણ સામેલ છે. અને તે માટે જવાબદાર બે વ્યક્તિઓની ધરપકડ કરાશે.જેમાં ચેનલ ડિરેક્ટર, પ્રમોટર હોય કે ચેનલનો અન્ય કોઈ જવાબદાર કર્મચારી હોઈ શકે.ટીઆરપી રેટિંગ્સના આધારે જાહેરાત આપનારાઓ આ ચેનલો પર જાહેરખબર માટેના પૈસા ચુકવે છે અને આ હજારો કરોડનું ગેમ છે. તેમ સિંહે કહ્યુ હતું. ચેડાયુક્ત ટીઆરપી રેટિંગ્સને કારણે જાહેરખબર આપનારાઓ માટે ટાર્ગેટેડ દર્શકની ગણતરી ખોટી થાય છે. આને કારણે સેકડો કરોડોનું નુકશાન થાય છે.ચેનલે એક નિવેદનમાં તેના દાવાને નકારી દીધા છે.

## જાણવા જેવું !

ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.
માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઈ ધરાવે છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
<;5849<6;9

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ગાંધીજીએ કહ્યુ છે કે 'મારુ જીવન મારો સંદેશ છે :સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઈએ તો નિર્દેશ કરીને કોઇ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઈશારાઓની મર્યાદા હોય છે.હું ઈશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઇ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઈએ તો એક માણસને મનમાં કંઈક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઈ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઈ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજુર મેહનતમાંથી બાકાત થઈ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઈ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઈ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઈ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઈપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઈ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકંડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે 'મારુ જીવન મારો સંદેશ છે 'આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણને સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો 'માધ્યમ એ જ સંદેશ છે 'એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઈ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઈ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઈને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઈ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઈટહેડે કહ્યુ છે 'બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઈ નહીં શકીએ 'આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જ્યાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઈ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઇ ને કંઈ પ્રાપ્ત કરવા માટે કોઈને કોઈ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણને ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એને ઝીલનાર કોણ ?ઈટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે 'જો ભુરા આકાશને જોઈને તમારુ ચિત્ત પ્રસન્ન થઈ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઢવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે ' જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઈ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશને પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઈશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ' દરેક નાની કે મોટી ઘટના એક ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઈએ કે કોઈ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.'આપણે કોઈ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ' ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઈ પણ કરો,કોઈ ને કોઈ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે 'આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હ્યદયનો સંદેશ હ્યદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ' મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કરે છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# અભિનેત્રી કંગના રનૌત દ્વારા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્દવ ઠાકરે પર પ્રહારો કરાયા





મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્દવ ઠાકરે સાથે વિવાદમાં ઉતરેલી ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે થોડાક દિવસો સુધી મૌન રહ્યા બાદ ફરી એક વાર ઠાકરે પર ટીકાની ઝડી વરસાવી છે. કંગનાએ કહ્યુ હતું કે આપ એક તુચ્છ વ્યક્તિ છો. તમે એક જનસેવક છો.સરકારો તો આવશે અને જશે પરંતુ જો કોઈ મુખ્યપ્રધાન એકવાર લોકોની નજરમાંથી ઉતરી જાય તો તે ફરી સન્માન મેળવી શકતો નથી.

કંગનાએ કહ્યુ હતું કે તમે જે હિમાચલને ગાંજાની ખેતી કરનારુ રાજ્ય કહો છો એ દેવભુમિ છે. અને અહીયા કણ કણમાં શિવનો વાસ છે. મંદિર છે અને ક્રાઈમ રેટ પણ ઝીરો છે. અભિનેત્રી કંગનાએ કહ્યુ કહું કે તમે જનસેવક છો અને એક રાજ્યના મુખ્યમંત્રી થઈને તુચ્છ ઝગડામાં સામેલ છો. તમે દેવભુમિને એટલા માટે ગાળો આપો છો કે તમે ત્યાની એક યુવતિથી નારાજ છો.

દશેરાના ભાષણ દરમિયાન ઠાકરેએ મુખ્યમંત્રી નીતિશકુમારથી લઈને ભાજપ પર હુમલા કર્યા હતા. અભિનેત્રી કંગના રનૌત પર પરોક્ષ નિશાન તાકતાં ઠાકરે કહ્યુ કે કેટલાક લોકો રોજી માટે મુંબઈ આવે છે અને શહેરને પીઓક બોલીને તેને ગાળો આપે છે. પરંતુ એ જાણતા નથી કે અમે અમારા ઘરમાં તુલસી ઉગાડીએ છીએ. ગાંજો નહીં.ગાંજાના ખેતરો તમારા રાજ્યમાં છે.તમે જાણો છો કે ક્યાં ,મહારાષ્ટ્રમાં નહીં.

આ પ્રવચન બાદ કંગનાએ ઉદ્દવ ઠાકરેને સંબોધીને સંખ્યાબંધટ્વિટ કર્યા હતા. એક વીડીયો પણ અપલોડ કર્યો હતો. તેણે કહ્યુ હતું કે અગાઉ સોનિયા સેનાએ પણ મારા માટે અભદ્ર શબ્દોનો પ્રયોગ કર્યો હતો. હવે તમે મને મારવાની વાત કરો છો પરંતુ નારી સન્માનના ઠેકેદારો આ વખતે કશુ નહીં બોલે.

આમ કંગના અને ઠાકરે વચ્ચે ૩૬ નો આંકડો રચાઈ ગયો છે.જેને ઠારવો મુશ્કેલ છે. કારણકે તેને ઠરવા દેવામાં અન્યોને રસ નથી.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# તહેવારો અને ઠંડી વખતે કોરોના સામે લડવા માટે વડાપ્રધાન મોદીનું જન અભિયાન



દેશની જનતાને આગામી દિવસોમાં નવરાત્રી,દિવાળી જેવા તહેવારોની શરુઆત થશે તો ઠંડીની મોસમ પર ડગ ભરશે. તેની સાથે કોરોનાકાળમાં અર્થવ્યવસ્થાની ગાડી પણ પાટે ચડાવવાની છે. આ સ્થિતિને અનુલક્ષીને વડાપ્રધાન મોદીએ કોરોના વાયરસ સામેનો જંગ જીતવા માટે અને લોકોને શિસ્તબધ્ધ રીતે સાવચેત રહે તે માટે ટ્વિટર પર એક જન આંદોલનનો પ્રારંભ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ જનજાગૃત્તિ અભિયાન અંતગર્ત લોકોને ટ્વીટ કરીને કોવિડ-૧૯ની રસી ન આવે ત્યાં સુધી માસ્ક પહેરવાની અપીલ કરી છે.

# ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી શાળાઓ પુનઃ શરુ કરવાનો આશાવાદ : શિક્ષણમંત્રી ચુડાસમા

કોરોના વાયરસના કારણે રાજ્યમાં માર્ચ મહિનાથી બંધ કરવામાં આવેલું શિક્ષણ કાર્ય દિવાળી બાદ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરુ કરવામાં આવે તેવો શિક્ષણમંત્રી ચુડાસમાએ આશાવાદ સેવ્યો હતો. તેમણે કચહ્યુ હતું કે પ્રારંભિક તબક્કે ધોર. ૯ થી ૧૨નું શૈક્ષણિક કાર્ય શરુ કરવા અંગે વિચારણા ચાલી રહી છે.અને ત્યારબાદ પ્રાથમિક શાળાઓ અંગે પણ નિર્ણય કરાશે.રાજ્યના આરોગ્ય વિભાગ,શિક્ષણ વિભાગ,ના અધિકારીઓ અને શિક્ષણવિદો તેમજ વાલીઓના મંતવ્યો લેવાયા છે. અને તેના આધાર પર હવે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવાશે.

શિક્ષણ મંત્રીએ કહ્યુ હતું કે શાળાઓ શરુ કરતાં પહેલા અનેક તૈયારીઓ અને જરુરી ખર્ચ પણ કરવો પડશે. કારણે કોવિડ-૧૯ની માર્ગદર્શિકા પ્રમાણે સામાજીક અંતર,હાથ ધોવૌની વ્યવસ્થા કરવાની રહેશે. શરુઆતમાં સમગ્ર શાળા સંકુલને સેનિટાઇઝ કરાયા બાદ છાત્રો માટે રોજબરોજ સેનિટાઇઝરની વ્યવસ્થા સહિતની તમામ બાબતોની તકેદારીના પગલાં લેવાના રહેશે.ઉપરાંત તમામ બાતો સુનિશ્ચિત કરાયા પછી જ શાળાઓ શરુ થશે.દેશભરમાં નવી શિક્ષણ નીતિના અલ અંગે તેમણે કહ્યુ હતું કે નવી નીતિ લાંબાગાળાની હોઇ તબક્કાવાર તેનું અમલીકરણ કરવા સહિતના પગલાં લેવાશે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અભિવ્યક્તિની આઝાદીના દુરપયોગ સામે સુપ્રીમ કોર્ટની ઝાટકણી

હાલના સાંપ્રત સંજોગો અને પરિસ્થિતિમાં બોલવાની અને અભિવ્યક્તિની આઝાદીના અધિકારનો સૌથી વધુ દુરપયોગ થયો છે. તેમ સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું. ચીફ જસ્ટીસ એસ.એ.બોબડે, જસ્ટીસ એ.એસ. બોપન્ના અને જસ્ટીસ વી. રામા સુબ્રમણ્યમની બેન્ચે જમીયત ઉલેમા એ હિંન્દ અને અન્યોની અરજીઓ પર આકરી ટિપ્પણી કરી હતી. આ અરજીઓમાં આરોપ મુકાયો છે કે કોરોના દરમિયાન તબલીગી જમાતના કાર્યક્રમ પર મીડીયાનો એક વર્ગ કોમી ખટરાગ ફેલાવી રહ્યો છે. મીડીયાનો ખોટો બચાવ રતી કપટપુર્ણ અને બેશરમ એફિડેવીટ બદલ સુપ્રીમ કોર્ટે કેન્દ્રની ઝાટકણી કાઢી હતી.

બેન્ચે તબલીગી જમાતના મીડીયા કવરેજ અંગે કેન્દ્રના કપટપુર્ણ અને બેશરમ એફિડેવીટ બદલ તેની પણ ઝાટકણી કાઢી હતી.બેન્ચે આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે જમાત તરફથી હાજર વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ કહ્યુ કે કેન્દ્રે પોતાની એફિડેવીટમાં કહ્યુ છે કે અરજીકર્તા બોલવાની અને અભિવ્યક્તિને કચડી દેવા માંગે છે. આ મામલે બેન્ચે ઉમેર્યું છે કે તેઓ



પોતાની એફિડેવીટમાં કંઇ પણ બોલવા સ્વતંત્ર છે, જેમકે કે તમે જે ઇચ્છો તે તર્ક આપવા આઝાદ છો. બેન્ચે આ વાતથી નારાજ થઇ ગઇ કે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવને બદલે એડીશનલ સચિવે સોગંદનામુ દાખલ કર્યુ હતુ.જેમાં તબલીગી જમાત કેસમાં મીડીયા રિપોર્ટીંગ સબંધમાં બિનજરુરી અને બિનતર્કસંગત વાતો લખી છે.

બેન્ચે ઉમેર્યું છે કે તમે આ કોર્ટની સાથે એવું વર્તન ન કરી શકો જે રીતે તમે આ કેસમાં કરી રહ્યા છો.કોર્ટે માહીતી અને પ્રસારણ મંત્રાલયના સચિવને આ પ્રકારના કેસોમાં મીડીયા રિપોર્ટીંગને અટકાવવા માટે અગાઉ લેવામાં આવેલા પગલાંની વિસ્તૃત માહીતી આપવાનો નિર્દેશ કર્યો હતો. જો કે સરકારી અધિકારીઓને જે રીતે ઉપરના મોટા લોકો જે રીતે બ્રીફીંગ કરે તે પ્રકારે તેઓ એફિડેવીટ કરે કે જવાબ આપે છે. જેથી આ બાબતમાં કોર્ટે વધુ ઉંડા જવાની જરુર છે અને ન્યાયતંત્રનો કડપ દેખાડવાની જરુર છે.આજ વિભાગના એક મંત્રીએ સુપ્રીમ કોર્ટને સરકારી કામોમાં દખલ નહીં કરવાની વાત કહી છે. અને ચુંટાયેલા સાંસદોની કોઇ પણ બાબતોમાં હસ્તક્ષેપ નહી કરવા સુપ્રીમને જણાવ્યુ હતું.જ્યાં સુધી કોર્ટ સપ્તાઇ નહી આચરે ત્યાં સુધી આવું બનશે જ


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





# તહેવારો અને ઠંડી વખતે કોરોના સામે લડવા માટે વડાપ્રધાન મોદીનું જન અભિયાન

દેશની જનતાને આગામી દિવસોમાં નવરાત્રી,દિવાળી જેવા તહેવારોની શરુઆત થશે તો ઠંડીની મોસમ પર ડગ ભરશે. તેની સાથે કોરોનાકાળમાં અર્થવ્યવસ્થાની ગાડી પણ પાટે ચડાવવાની છે. આ સ્થિતિને અનુલક્ષીને વડાપ્રધાન મોદીએ કોરોના વાયરસ સામેનો જંગ જીતવા માટે અને લોકોને શિસ્તબધ્ધ રીતે સાવચેત રહે તે માટે ટ્વિટર પર એક જન આંદોલનનો પ્રારંભ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ જનજાગૃત્તિ અભિયાન અંતગર્ત લોકોને ટ્વીટ કરીને કોવિડ-૧૯ની રસી ન આવે ત્યાં સુધી માસ્ક પહેરવાની અપીલ કરી છે.


માદા કાચબો ૧૦૦૦ બચ્ચાઓને જન્મ આપે છે. પરંતુ કમનસીબે આ ૧૦૦૦ બચ્ચામાંથી ફક્ત ૧ બચ્ચું જ જીવીત રહે છે.પ્રાગેતિહાસિક કાળમાં કાચબાઓનું વજન ૫ હજાર પાઉન્ડ જેટલું હતું.
ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.
ગોકળગાય સતત ત્રણ વર્ષ સુધી ઉંઘી શકે છે.
ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઇ શકતા.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.